# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** jaineducationboard.org **E mail :** jainshikshanboard@gmail.com

**૨૯ ઑગષ્ટ ૨૦૨૧ – મહિલા મંડળ** **શ્રેણી – ૨૩** **કુલ ગુણ : ૧૦૦**

(૨૦)

**પ્ર. ૧ (ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. વ્રતની અપેક્ષાએ મરણના કેટલા પ્રકાર છે? કયા કયા?
૨. કાલ પ્રતિલેખના એટલે શું?
૩. ખામણા એટલે શું? તે કોને કોને કરવાના હોય?
૪. પડિક્કમિઉં, પ્રાયશ્ચિત્ત, ધૂપ્પવિહિં, મણુવયાણં કયા પાઠમાં આવે છે? શુદ્ધ છે કે અશુદ્ધ?
૫. ચિંતન કરવા માટે, મનોજ્ઞ, કપટથી કરેલી, અનાચારને વિષે – આ ચારના મૂળ પાઠ લખો.

**(ખ) માગ્યા પ્રમાણે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સામાયિકના લક્ષણો કેટલા છે? કયા કયા?
૨. સામાયિકના પ્રકાર કેટલા છે? કયા કયા? શ્રુત સામાયિક કોને કહે છે?
૩. સામાયિકમાં છ આવશ્યકનો સમાવેશ કેવી રીતે થાય છે?
૪. વંદના અને ચઉવીસત્થોથી શું લાભ થાય છે?

(૨૦)

**પ્ર. ૨ (ક) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. આચાર કેટલા છે? કયા કયા? એમાંથી આચાર્યએ કેટલાનું પાલન કરવાનું છે?
૨. અર્થ લખો : પ્રયોગમતિ સંપદા, બીજ સૂક્ષ્મ, રૂચક પ્રદેશ, પ્રાગભાર ગતિ.
૩. સાધકે નિરોગી રહેવા શું કરવું જોઈએ?
૪. વિગય કેટલા છે? કયા કયા?
૫. મહાવીર સ્વામીના તીર્થમાં કેટલી સ્ત્રીઓએ તીર્થંકર નામ કર્મનો બંધ કર્યો?તે આવતી ચોવીસીમાં કેટલામાં અને કયા તીર્થંકર થશે?

**(ખ) સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સુશીલ કોને કહેવાય? કુશીલતાનું પરિણામ શું છે?
૨. વીર્યના કેટલા ભેદ અને કયા કયા?
૩. કેટલા કારણે જીવો દુઃખ ભોગવી રહ્યા છે? બીજું કારણ લખો.
૪. સાધુ કઈ ભાષા બોલે?

(૨૦)

**પ્ર. ૩ (ક) ઉપાસક દશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. ઉપાસક દશાંગ શું છે? એમાં કોની ચર્ચા છે?
૨. શ્રમણોપાસક કોને કહેવાય?
૩. અવધિજ્ઞાન કોને થયું હતું? તેમના અવધિજ્ઞાનનો વિષય શું હતો?
૪. સુરાદેવ અને સકડાલ પુત્રની સંપત્તિ કેટલી હતી? જેમને ઉપસર્ગ નહોતા આવ્યા તેઓ કયા ગામના હતા? જેઓ દેવકૃત ઉપસર્ગથી ચલિત થયા તેમનું ગોધન કેટલું હતું?

**(ખ) વિપાક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. જૈનદર્શનનો મુખ્ય સિદ્ધાંત કયો છે? તેનું કયા આગમમાં ઉદાહરણ સહિત પ્રતિપાદન થયું છે? એમાં કેટલા સ્કંધ અને અધ્યયન છે? શા માટે?

૨. દિવ્ય કેટલા છે? કયા કયા? તે ક્યારે પ્રગટ થાય છે?

૩. સુબાહુ કુમારને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ક્યારે અને શા માટે થઈ?

૪. સુબાહુ કુમારના મનમાં શું સંકલ્પ ઉઠ્યો?

૫. સુજાત કુમાર અને સુવાસવ કુમાર કઈ નગરીના હતા? ભદ્રનંદી કુમાર અને ધનપતિ કુમારના માતા–પિતાનું નામ શું હતું?

**(૨૦)**

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરો. (૪)**

૧. સોરિયં ......   ૨. અહાહ ......   ૩. ગિરિં ......   ૪. એવં ......

**(બ) નીચેની ગાથાઆનો માત્ર ભાવાર્થ લખો. (૪)**

૧. તસ્સ ભજ્જા સિવા નામ, તીસે પુત્તો મહાયસો । ભગવં અરિટ્ઠનેમિ ત્તિ, લોગનાહે દમીસરે ।।

૨. નાણેણં, દંસણેણં ચ, ચરિત્તેણ તહેવ ય । ખન્તીએ મુત્તીએ, વડ્ઢમાણો ભવાહિ ય ।।

૩. ઉગ્ગં તવં ચરિત્તાણં, જાયા દોણ્ણિ વિ કેવલી, સવ્વં કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં પત્તા અણુત્તરં ।।

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ એક જ શબ્દમાં લખો. (૧૨)**

૧. બાવીસમા તીર્થંકરનું નામ?   ૨. બાવીસમા તીર્થંકરની માતાનું નામ?   ૩. બાવીસમા તીર્થંકરનો વર્ણ?

૪. બાવીસમા તીર્થંકરનું ગોત્ર?   ૫. બાવીસમા તીર્થંકરના પિતાનું નામ?   ૬. બાવીસમા તીર્થંકરના લક્ષણ?

૭. શ્રી કૃષ્ણ સાથેનો સંબંધ   ૮. રાજેમતીના પિતાનું નામ   ૯. કયા પર્વતની ગુફામાં રોકાયા?

૧૦. ત્યાં કોણ હતું?   ૧૧. કયો સાપ અગ્નિમાં પડવું પસંદ કરે છે?   ૧૨. કયો જન્મ મળવો દુર્લભ છે?

**(૨૦)**

**પ્ર. ૫ (ક) ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નના જવાબ લખો. (૧૦)**

૧. ભવિય દ્રવ્યદેવ કોને કહેવાય?

૨. કાલ નિધિ અને મહાકાલ નિધિમાં શું હોય?

૩. દેવાધિદેવના ૯ થી ૧૨ ગુણો લખો.

૪. જુગલિયા મરીને કેટલા અને કયા કયા પ્રકારના દેવ થઈ શકે? તે દેવની વ્યાખ્યા લખો.

૫. પાણી અને પરમાધામીના નીકળ્યા કેટલા પ્રકારના દેવ થઈ શકે? નરદેવ અને ધર્મદેવની સંચિઠણા લખો. દેવાધિદેવ અને સર્વાર્થસિદ્ધના ભાવદેવનું આંતરું લખો.

**પ્ર. ૪ (ખ) નીચેના જીવોની માર્ગણા લખો. (૧૦)**

૧. એકાંત નપુંસક વેદમાં   ૨. નોગર્ભજ એકાંત મિથ્યાદષ્ટિ બાદરમાં   ૩ . સ્ત્રીવેદ અવધિદર્શનમાં

૪. એકાંત મિથ્યાત્વી તિર્યંચમાં   ૫. ઊર્ધ્વલોક પ્રત્યેક શરીરીમાં   ૬. અધોલોક અવધિદર્શનમાં

૭. કૃષ્ણલેશી સમ્યગ્દષ્ટિમાં   ૮. એકાંત મિથ્યાત્વી અભાષકમાં   ૯. વચનયોગી ત્રણ શરીરીમાં

૧૦. તિર્ચ્છાલોક પર્યાપ્ત પ્રત્યેક શરીરમાં

**જય જિનેન્દ્ર**